**VESUVIUS plc**

# લાંચ અને ભ્રષ્ટાચાર વિરોધી નીતિ
# લાંચ અને ભ્રષ્ટાચાર નિવારણ માટે ધંધાનું આચરણ

| | |
|---|---|
| નીતિ: | **લાંચ અને ભ્રષ્ટાચાર વિરોધી નીતિ (ABC)** |
| કોર્પોરેટ જવાબદારી: | જનરલ કાઉન્સેલ |
| સંસ્કરણ: | 2.1 |
| છેલ્લું નવીનીકરણ: | ઓક્ટોબર 2017 |

**આ પ્રક્રિયામાં VESUVIUS plc ના જનરલ કાઉન્સેલની કચેરી અને કંપની સેક્રેટરીની મંજૂરી વિના સુધારણા ન જ કરાવી જોઇએ.**

## પ્રસ્તાવના

આ નીતિ ધંધાકીય આચારસંહિતા વિશે માર્ગદર્શન આપે છે અને તમામ VESUVIUS એકમો વાજબી રીતે, પારદર્શકતાથી અને પ્રામાણિકતા સાથે કામ કરે છે તે દર્શાવવા માટે VESUVIUS આચારસંહિતામાં નિર્દિષ્ટ કરેલા સિદ્ધાંતોની પૂરક બને છે.

આ નીતિનો ઉદ્દેશ છે:

- VESUVIUS ના તમામ નિર્દેશકો, અધિકારીઓ અને કર્મચારીઓ અને જેઓ અમારે માટે અમારી લાંચ અને ભ્રષ્ટાચાર અંગેના બિનશરતી વલણનું પાલન કરવાનું અને તેને ટેકો આપવાનું કામ કરે છે, તેમની જવાબદારીઓ નક્કી કરવી; અને
- જેઓ અમારા માટે કામ કરી રહ્યાં છે તેમને લાંચ અને ભ્રષ્ટાચારના મુદ્દાઓને કેવી રીતે ઓળખવા અને કામ લેવું તેની જાણકારી અને માર્ગદર્શન પૂરાં પાડવા.

VESUVIUS લાંચ આપવાનો ઇનકાર કરનાર કોઇપણ વ્યક્તિને VESUVIUS ને થતી કોઇપણ અગવડ, ધંધાનું નુકસાન અથવા વધારા ખર્ચના ભોગે પૂરો ટેકો આપશે. જો કે, કોઇપણ સંજોગોમાં, તમારે એવું કોઇપણ પગલું ન લેવું જોઇએ જે ક્યાં તો તમારી અથવા બીજા કોઇ વ્યક્તિની સલામતીને જોખમમાં મૂકે.

આ નીતિનું ઉલ્લંઘન ગંભીર ગેરવર્તણૂક સૂચવે છે, અને તે એક આંતરિક તપાસ અને બરતરફી સુધીના અને સહિતના શિસ્તભંગના પગલાંમાં પરિણમી શકે છે. આ નીતિનો ભંગ કરવાના પરિણામો VESUVIUS અને વ્યક્તિઓ બંને માટે ગંભીર હોઇ શકે છે અને દંડ અને/અથવા કેદમાં પરિણમી શકે છે.

જો તમને એવી શંકા હોય કે VESUVIUS ના કોઇ નિર્દેશક, અધિકારી અથવા કર્મચારી અથવા VESUVIUS વતી અથવા તેના પ્રતિનિધિ તરીકે કામ કરતી અન્ય કોઇ વ્યક્તિએ, આચારસંહિતા અથવા તો આ નીતિનું ઉલ્લંઘન કર્યું હોઇ શકે તો તમારે સત્વરે આની જાણ કંપનીને કરવી જ રહી. કોઇ કર્મચારીને શંકાસ્પદ ગેરવર્તણૂકની જાણ કરી હોવાને કારણે દંડ કરવામાં અથવા વંચિત રાખવામાં નહિ આવે.

**કાર્યક્ષેત્ર**

આ નીતિ લાગુ પડે છે:

- VESUVIUS ના તમામ નિર્દેશકો, અધિકારીઓ અને કર્મચારીઓને, જ્યાં પણ યોગ્ય હોય ત્યાં VESUVIUS ના પ્રતિનિધિ તરીકે સેવાઓ બજાવતા ત્રીજા પક્ષોને;
- જે દેશમાં ધંધો સંચાલિત કરવામાં આવી રહ્યો હોય અને/અથવા ધંધાનું એકમ આવેલું હોય તેનાથી અસંબદ્ધ, VESUVIUS plc અને તેની પેટા કંપનીઓ સહિત સમગ્ર VESUVIUS જૂથ **("VESUVIUS")**માં.

આ નીતિમાં રહેલા સિદ્ધાંતો તમામ દેશોમાં, તે સ્થાનિક કાયદાઓ કરતાં વધુ કડક હોય તેમ છતાં પણ, લાગુ પાડવા જ રહ્યા. જ્યાં સ્થાનિક કાયદાઓ આ નીતિ કરતાં વધુ કડક હોય ત્યાં તે સ્થાનિક કાયદાઓનું પાલન કરવું જ રહ્યું.

VESUVIUS આચારસંહિતા અથવા આ નીતિમાં અન્યથા પ્રતિબંધિત કરાયું હોય તેવું કોઇપણ કામ પાર પાડવા માટે વ્યક્તિગત ભંડોળનો ઉપયોગ કરવો ક્યારેય પણ સ્વીકાર્ય નથી.

## 1. નીતિ વિધાન

1.1 VESUVIUS તેના ધંધાના આચરણમાં કોઇ પણ પ્રકારના ભ્રષ્ટ વ્યવહારોને સાંખી લેશે નહિ.

1.2 VESUVIUS ખાતે કોઇ પણ વ્યક્તિ કોઇપણ પ્રકારની લાંચખોરી આચરશે નહિ - એટલે કે , આપણે કોઇપણ વ્યક્તિ અથવા જાહેર અધિકારીના[1] આચરણ અથવા નિર્ણયશક્તિને અયોગ્ય રીતે પ્રભાવિત કરવા માટે તે વ્યક્તિને પૈસા, પુરસ્કાર, પક્ષપાત કે લાભનો વાયદો ક્યારેય પણ ન કરવો.

1.3 આથી, VESUVIUS ના કોઇ નિર્દેશક, અધિકારી અથવા કર્મચારી અથવા VESUVIUS વતી કામ કરતો કોઇ ત્રીજો પક્ષ[2] આમ નહિ કરે:

- કોઇપણ વ્યક્તિને લાંચ આપવાની તૈયારી બતાવવી;

[1] વ્યાખ્યાઓ જુઓ

[2] વ્યાખ્યાઓ જુઓ

- કોઇપણ વ્યક્તિ પાસેથી લાંચ લેવી; અને/અથવા
- ત્રીજા પક્ષ દ્વારા કોઇ લાંચ આપી અથવા લઈને કોઇપણ રુપમાં પરોક્ષ લાંચખોરી આચરવી.

1.4 VESUVIUS ખાતે દરેક વ્યક્તિએ એ દર્શાવવું જ રહ્યું કે અમારો તમામ ધંધો ઉચ્ચતમ નૈતિક માનકો પ્રમાણે થાય છે અને તે આ નીતિ અને લાગુ પડતાં તમામ લાંચ અને ભ્રષ્ટાચાર વિરોધી કાયદાઓ, બંનેનું પાલન કરે છે.

## લાંચ અને ભ્રષ્ટાચારના જોખમો

### 2. ત્રીજા પક્ષો

***માર્ગદર્શન:* VESUVIUS ને તેના ત્રીજા પક્ષોએ કરેલા લાંચના કૃત્યો માટે જવાબદાર ઠેરવી શકાય[3]. આથી, VESUVIUS માત્ર એવા ત્રીજા પક્ષો સાથે ધંધો કરવા ઇચ્છુક છે જેઓ VESUVIUS જેવા જ નૈતિક મૂલ્યોનું નિદર્શન કરે.**

2.1 VESUVIUS ના પ્રતિનિધિ તરીકે કામ કરતાં તમામ ત્રીજા પક્ષોએ લાગુ પડતાં લાંચ અને ભ્રષ્ટાચાર વિરોધી કાયદાઓનું પાલન કરવું જ રહ્યું. આ ઉપરાંત, તેમને સામાન્યપણે ધંધાના નૈતિક આચરણના ઉચ્ચ માનકોને પ્રોત્સાહિત કરવા માટે આ નીતિથી વાકેફ કરાવા જ રહ્યા.

2.2 VESUVIUS ના પ્રતિનિધિ તરીકે ત્રીજા પક્ષોનો ઉપયોગ એવી ક્રિયાઓ કરવા માટે ન જ થવો જોઇએ જે અન્યથા આ નીતિ અથવા લાગુ પડતી લાંચ અને ભ્રષ્ટાચાર વિરોધી કાયદાઓનું ઉલ્લંઘન કરતો હોય..

2.3 એજન્ટો, વિતરકો અને અન્ય તમામ ત્રીજા પક્ષોની નિમણૂક *એજન્ટો અને ત્રીજા પક્ષોની નિમણૂક માટેની નીતિ* અનુસાર જ થવી જોઇએ, જેમાં પૂરસ્તતાઓ સુનિશ્ચિત કરવાની યોગ્ય ચકાસણી કરવાનો સમાવેશ થાય છે.

### 3. ભેટ, આતિથ્ય અને મનોરંજન (GH&E)

***માર્ગદર્શન:* ભેટ, આતિથ્ય અને મનોરંજન પૂરું પાડવાની રજૂઆત એ સૌજન્યનો એક પ્રકાર છે જે ઘણા દેશોમાં સામાન્ય ધંધાકીય રીત છે. વ્યાજબી માત્રામાં, તે સંબંધો બાંધવા અને જાળવવા માટે અગત્યનું સાધન છે. વધારે પ્રમાણમાં અથવા અયોગ્ય રીતે ઉપયોગ કરવાથી, તે લાંચ કહેવાઇ શકે છે. જો કોઇ ભેટ, મનોરંજન અથવા આતિથ્ય એક મહેરબાની અથવા અગ્રીમતાભર્યા વ્યવહાર માટે બદલો અથવા પ્રોત્સાહન તરીકેના ઈરાદા સાથેના હોય અથવા તે પ્રમાણેનો અર્થ કરી શકાય તેવા હોય તો, તેની આ નીતિ હેઠળ પરવાનગી નથી.**

[3] વ્યાખ્યાઓ જુઓ

3.1 VESUVIUS ભેટ, આતિથ્ય અથવા મનોરંજને આને માટે નહિ વાપરે:

- ધંધાના કોઇપણ અયોગ્ય લાભ મેળવવા માટે;
- ધંધાના કોઇપણ નિર્ણયને ખોટી રીતે પ્રભાવિત કરવા માટે;
- પ્રાપ્ત કરનારના અભિપ્રાય સાથે ચાલાકીથી કામ લેવા માટે; અથવા
- VESUVIUS માટે સાનુકૂળ રીતે વર્તવા માટે ઉપકારની ભાવનાનું નિર્માણ કરવા.

3.2 ભેટ જાહેરમાં, બિનશરતી રીતે જ અપાવી જોઇએ, તે સાધારણ કિંમતની જ હોવી રહી. આતિથ્ય અને મનોરંજન ધંધાને અનુરુપ પ્રકારના જ હોવા રહ્યાં, અને માત્ર સંકળાયેલા લોકોના દરજ્જા અને વરિષ્ઠતાને પ્રમાણસર સ્તરે યોગ્ય હેતુઓ માટે જ આપવાની તૈયારી બતાવાવી અને સ્વીકારાવી જોઇએ.

3.3 તમામ ભેટો, આતિથ્ય અને મનોરંજન VESUVIUS GH&E પ્રક્રિયાઓનું પાલન કરતી હોવી જ રહી અને તેમાં જણાવ્યા મુજબ નોંધવામાં આવવી જોઇએ. આ નીતિ અથવા GH&E પ્રક્રિયાઓનું કોઇપણ વિચલન વરિષ્ઠ પ્રબંધન દ્વારા નિયામક નીતિ અનુસાર અગાઉથી લેખિત રીતે મંજૂર કરાયેલું હોવું જ રહ્યું.

3.4 જાહેર અધિકારીઓ અથવા સરકારી અધિકારીઓ અને સંસ્થાઓને ભેટ, આતિથ્ય અને મનોરંજન માત્ર GH&E પ્રક્રિયાઓ અનુસાર જ આપી શકાય છે.

## 4. દાન અને પુરસ્કર્તા

***<u>માર્ગદર્શન:</u> VESUVIUS સમાજમાં અને જે સમુદાયોમાં તે કામ કરે છે તેને મદદ કરવામાં એક ભૂમિકા ભજવી શકે છે - સ્થાનિક સખાવતો અને પહેલોને મદદ કરીને અને કાયદેસરના વાણિજ્યિક સાહસોને પ્રાયોજીત કરવામાં. જો કે, સખાવતના દાન અને પુરસ્કર્તા હોવું તે લાંચના એક માધ્યમ તરીકે ઉપયોગમાં લઈ શકાય છે.***

4.1 જ્યારે VESUVIUS સખાવતને મદદ કરે છે, ખાસ કરીને તેવા જે તેના સ્થાનિક સમુદાયોમાં હોય, ત્યારે આ ગ્રાહકો અને/અથવા ધંધાના ભાગીદારો દ્વારા વિનંતી કરવાથી ન જ થવું જોઇએ સિવાય કે અગાઉથી વરિષ્ઠ પ્રબંધન દ્વારા લેખિત રીતે મંજૂર કરવામાં આવ્યું હોય.

4.2 તમામ સખાવત દાન, તે રોકડમાં કરાયા હોય કે પછી સખાવત કાર્યક્રમો, પ્રકાશનો અથવા ભંડોળ ભેગું કરવાની પહેલમાં ફાળા તરીકે કરાયા હોય, તેમને વરિષ્ઠ પ્રબંધન દ્વારા પૂર્વ મંજૂરી મળેલી હોવી જ રહી.

4.3 જ્યાં આવી જાહેરાત સ્પષ્ટપણે જોઇ શકાય તેવી હોય અને VESUVIUS માટે એક પુરસ્કર્તા તરીકે ભાગ લઈને વાણિજ્યિક અથવા સામુદાયિક લાભ ઉત્પન્ન થઈ શકતો હોય, ત્યાં કોઇ ચોક્કસ ઉદ્દેશ અથવા કાર્યક્રમ માટે આવા ટેકાના બદલામાં સંકળાયેલી જાહેરાત માટે પુરસ્કર્તા રહી શકાય છે. વરિષ્ઠ પ્રબંધન પાસેથી લેખિત પૂર્વમંજૂરી લેવી જ રહી.

4.4 VESUVIUS રાજકીય પક્ષોને ભેટ અને દાન માટે મનાઇ કરે છે.

## 5. સુગમતા ચૂકવણીઓ

***<u>માર્ગદર્શન:</u> સુગમતા ચૂકવણીઓ[4] (ગ્રીસ અથવા સ્પીડ ચૂકવણીઓ તરીકે પણ ઓળખાતી)ને જાહેર અધિકારીઓને તેમનું કામ કરવા મનાવવા માટે અથવા એવી પ્રક્રિયા કે જે તેઓ અન્યથા પાર પાડવાના હતા, તે ઝડપી બનાવવા માટે ચૂકવવામાં આવતી નાની રકમો તરીકે ઉલ્લેખવામાં આવે છે. આવી ચૂકવણીઓ, ખરેખર તો, લાંચ છે અને UK લાંચ ધારા હેઠળ ગેરકાયદેસરની છે.***

5.1 સુગમતા ચૂકવણીઓને આ નીતિ દ્વારા પ્રતિબંધિત કરાઇ છે.

5.2 જ્યાં કોઇ વ્યક્તિને આવી ચૂકવણી કરવા માટે દબાણ કરવામાં આવ્યું હોય, ઉદાહરણ તરીકે, ધાકધમકી અથવા જ્યાં સુગમતા ચૂકવણી માટે તેમની ઉપર શારીરિક હાનિની ધાક જમાવવામાં આવી હોય અથવા ડરાવવામાં આવ્યા હોય, તેમણે પોતાની જાતને જોખમમાં મૂકવી જોઇએ નહિ અને તે ચૂકવણી કરી શકે.

5.3 જ્યારે સુગમતા ચૂકવણી કરવામાં આવી હોય (પૅરેગ્રાફ 5.2 માં જણાવેલા સંજોગો અનુસાર), ત્યારે આવી ચૂકવણીની નોંધ આપણા નાણાંકીય અહેવાલોમાં સ્પષ્ટપણે થાય તે સુનિશ્ચિત કરવા, તેની જાણ તમારા સ્થાનિક ફાઇનાન્સ ડિરેક્ટરને તાત્કાલિક કરવી જ રહી.

## 6. જાહેર અધિકારીઓ સાથે કામ કરવું

***<u>માર્ગદર્શન:</u> VESUVIUS એ સરકાર, નિયામક સત્તાઓ, સરકારી સંસ્થાઓ અને જાહેર અધિકારીઓ સાથે પોતાના ધંધાની કામગીરીઓ - પરવાનગીઓ, IP નોંધણી અને પર્યાવરણને લગતી બાબતો હાથ ધરવા માટે પરસ્પર વ્યવહાર કરવો જરૂરી હોય છે. આ પરસ્પર વ્યવહાર પારદર્શક હોવાં જ રહ્યાં અને પ્રામાણિકતાથી હાથ ધરાવાં રહ્યાં, જ્યાં કર્મચારીઓ સ્પષ્ટ સિદ્ધાંતો, માર્ગદર્શિકાઓ અને નિયમો મુજબ કામ કરે.***

6.1 કોઇપણ VESUVIUS નિર્દેશક, અધિકારી અથવા કર્મચારી, અથવા VESUVIUS ના પ્રતિનિધિ તરીકે કામ કરી રહેલા ત્રીજા પક્ષે ક્યારેય પણ જાહેર / સરકારી અધિકારીને તેની અથવા તેણીની જવાબદારીઓનું ઉલ્લંઘન કરવા માટે પ્રેરવા નહિ.

6.2 ભેટો, આતિથ્ય અને મનોરંજન જાહેર અધિકારીઓ અથવા સરકારી અધિકારીઓ અને સંસ્થાઓને માત્ર GH&E પ્રક્રિયા અનુસાર જ આપી શકાય છે.

---

[4] વ્યાખ્યાઓ જુઓ

6.3 એવા સંજોગો હોય છે જ્યારે VESUVIUS એ **કાયદાની લેખિત જોગવાઇઓ**[5] અનુસાર જાહેર અધિકારીઓની સેવાઓ માટે ચૂકવણી કરવાની રહે છે, ઉદાહરણ તરીકે કસ્ટમ્સ અનુમતિઓ અથવા પર્યાવરણ નિયામકોની મુલાકાતો. અમે અપેક્ષા રાખીએ છીએ કે આવા અધિકારીઓ તેમની કાયદાકીય અને નિયામકીય જવાબદારી પૂરી કરે અને જે કોઇપણ ફી ચૂકવાઇ હોય તેનો કાયદાકીય આધાર હોય. જ્યાં પણ શક્ય હોય, આવી ચૂકવણીઓ કરવામાં આવે તે પહેલાં આવી ચૂકવણીઓની અનિવાર્યતાનો દસ્તાવેજી પુરાવો એક રસીદ સાથે મેળવી લેવાવો જોઇએ. આવા અધિકારીઓને વધારાની ચૂકવણી અથવા ભેટ અપાવી ન જ જોઇએ.

## 7. જાહેરાતની પ્રવૃત્તિઓ

***<u>માર્ગદર્શન:</u> માર્કેટિંગ એ ધંધાનો મૂળભૂત ભાગ છે, અને જો તે સાચી રીતે હાથ ધરવામાં આવે તો તે ધંધાના આધાર અને વિકાસ માટે એક મૂલ્યવાન સાધન છે. જો કે, માર્કેટિંગ ક્યારેય પણ આતિથ્ય અથવા મનોરંજન જેવા પ્રકારનું ન હોવું જોઈએ અથવા તેની સાથે સંકળાયેલું ન હોવું જોઇએ, કે જેથી તેને ધંધાકીય પરિણામને અયોગ્ય રીતે પ્રભાવિત કરવાનો પ્રયત્ન ગણી શકાય.***

7.1 જ્યારે VESUVIUS આમનું આયોજન કરે છે:

- સંભવિત ગ્રાહકોની સ્થળ મુલાકાતો; અથવા
- પોતાના ઉત્પાદો અથવા તેમના ઉપયોગ અંગે જાણકારીના પ્રસાર માટેના કાર્યક્રમો,

આ પ્રૌદ્યોગિક ચર્ચા અને ધંધાકીય માહિતી વિનિમયના એકમાત્ર હેતુ માટે જ હોવા રહ્યાં. દરેક કિસ્સામાં, સંકળાયેલું કોઇપણ આતિથ્ય અથવા મનોરંજન ધંધાને અનુરુપ, પ્રમાણસરનું અને આ નીતિ તથા GH&E પ્રક્રિયાઓની પૂર્તતા કરતું હોવું જ રહ્યું.

## 8. હરાજીમાં બોલી અને ટેન્ડર ભરવું

***<u>માર્ગદર્શન:</u> મોટા કરારો માટે ટેન્ડર ભરવું કે બોલી લગાવવી - ખાસ કરીને સરકારી સંસ્થામાં - આવા કરારો સાથે જોડાયેલા નાણાંકીય મૂલ્યને કારણે પૂર્તતા માટે વધારાના જોખમો ઊભાં કરે છે.***

8.1 જ્યારે એક લાલ ઝંડી[6], અથવા ટેન્ડરિંગ પ્રક્રિયાની પારદર્શકતા અથવા નૈતિક આચરણ સંબંધિત અન્ય કોઇ વાતનું નિરાકરણ અથવા ઉકેલ ન આવી શકતો હોય ત્યાં, VESUVIUS તે ટેન્ડરિંગ પ્રક્રિયામાંથી પાછું ખસી જશે.

## 9. બજારમાં પ્રવેશ (સંપાદનો અને સંયુક્ત સાહસો)

[5] પ્રસ્થાપિત રૂઢિ અથવા રીત દ્વારા નહિ

[6] વ્યાખ્યાઓ જુઓ

***<u>માર્ગદર્શન:</u> VESUVIUS તેણે સંપાદિત કરેલી કંપનીઓના નિર્દેશકો, અધિકારીઓ અને કર્મચારીઓના કૃત્યો માટે જવાબદાર છે, અને કંપનીઓ અથવા સંયુક્ત સાહસના ભાગીદારોના ભૂતકાળના કૃત્યો માટે પણ જવાબદાર હોઇ શકે.***

9.1 તમામ પ્રસ્તાવિત સંપાદન અને સંયુક્ત સાહસના વ્યવહારો; અથવા અન્ય બજાર પ્રવેશની વ્યૂહરચનાઓએ ઔપચારિક કરાર વાટાઘાટોનું સમાપન થાય તે પહેલાં, નૈતિક પૂરસ્તતાઓ સુનિશ્ચિત કરવાની યોગ્ય ચકાસણીઓ હેઠળ પસાર થવું જ રહ્યું.

9.2 એક વ્યવહાર પૂરો થયા બાદ વ્યવહારિક રીતે જેટલું જલ્દી શક્ય હોય તેટલું, પરંતુ સંપાદનથી 6 મહિના કરતાં મોડું નહિ તેમ, સંપાદિત કંપનીઓની તેમના ત્રીજા પક્ષોના સંબંધો સહિતની એક ઔપચારિક પૂર્તતા સમીક્ષા પૂરી કરવી જ રહી.

## 10. બાહ્ય હિતો

***<u>માર્ગદર્શન:</u> બાહ્ય હિતો અને જાહેર અધિકારીઓ સાથેના સંપર્કો હોવા માત્રથી મુશ્કેલી ઊભી નથી કરતા. મુશ્કેલીઓ ત્યારે ઊભી થાય છે જ્યારે સંબંધ પારદર્શક નથી હોતો અને અયોગ્ય પ્રભાવનો ક્યાંતો ઉપયોગ થયો હોય છે અથવા ઉપયોગ થયો હોવાની જાણ થાય છે. કોઇ જાહેર અધિકારી સાથેનું વ્યક્તિગત જોડાણ તે અધિકારી વતી હિતોના ઘર્ષણમાં પરિણમી શકે, જ્યારે તે VESUVIUS ને અસર કરતો નિર્ણય લેતો હોય, અને તે આગળ જતાં લાંચ તરીકે દેખાઇ શકે.*** **બાહ્ય હિતો, જ્યારે તે VESUVIUS ખાતે તમારી ભૂમિકા અને જવાબદારીઓને પ્રભાવિત કરે, ત્યારે ઘર્ષણ ઊભું કરી શકે છે.**

10.1 VESUVIUS કર્મચારીઓ અને VESUVIUS ના પ્રતિનિધિ તરીકે કામ કરતાં અન્ય વ્યક્તિઓએ તેમના હોદ્દાનો દુરુપયોગ વ્યક્તિગત લાભ મેળવવા માટે ન જ કરવો.

10.2 VESUVIUS કર્મચારીઓ અને VESUVIUS ના પ્રતિનિધિ તરીકે કામ કરતાં અન્ય વ્યક્તિઓને લાગુ પડતી બાહ્ય હિત પ્રક્રિયા અનુસાર **VESUVIUS** ને આ વિશેની જાહેરાત કરવી જ રહી:

- કોઈપણ બાહ્ય હિત[7] જે તેઓ ધરાવે છે; અને
- જાહેર અધિકારીઓ અથવા સરકારી અધિકારીઓ સાથેના તમામ જોડાણો

જેથી કરીને કોઇપણ ઘર્ષણને સમજી શકાય અને પ્રબંધન કરી શકાય.

## <u>પૂર્તતા અને દેખરેખ</u>

ધંધાના દરેક એકમનું પ્રબંધન અથવા ગ્લોબલ ફન્ક્શન આ નીતિના અમલ માટે અને તેમની જવાબદારી હેઠળના કર્મચારીના સંબંધમાં તેની જરુરિયાતોનું પાલન કરાવવા માટે જવાબદાર છે.

[7] વ્યાખ્યાઓ જુઓ

ચૂકવણીઓ, ભેટ અને ખર્ચાઓની મંજૂરી GH&E પ્રક્રિયાઓ અનુસાર જ હોવા રહ્યાં. આંતરિક ઑડિટ આ નીતિ અને GH&E પ્રક્રિયાઓના અમલીકરણની દેખરેખ રાખશે અને પૂર્તતાની તપાસ કરશે. કોઇપણ પ્રશ્નોના ઉત્તર માટે જૂથનો કાયદાકીય વિભાગ પણ ઉપલબ્ધ છે.

## આ નીતિના ઉલ્લંઘનો અથવા સંભવિત ઉલ્લંઘનો

તમામ કર્મચારીઓએ તેમના કામકાજ VESUVIUS ના નૈતિક મૂલ્યો અનુસાર કરવાની અને પૂર્તતાની ખામીઓને લગતી કોઇપણ બાબતો અથવા શંકાઓ વિશે જાણ કરવા સહિત, લાગુ પડતાં કાયદાઓનું પાલન કરવાની વ્યક્તિગત જવાબદારી લેવાની રહે છે. ચિંતાઓ તમારા ઉપરી અધિકારી, કાયદાકીય ટીમ અથવા ગોપનીય રીતે ઇમ્પ્લૉયી કન્સર્ન હેલ્પલાઇન (સ્પીક અપ)ને જણાવી શકાય છે

વધુ માહિતીઓ VESUVIUS સ્પીક અપ નીતિમાં સમાવેલી છે.

## તાલીમ/વધુ માર્ગદર્શન

પસંદ કરેલા કર્મચારીઓએ નીતિ અને નિયામક સંદર્ભ (વ્યાવહારિક ઉદાહરણોના દૃષ્ટાંત સાથે)ની સમજણ આપતી તાલીમમાં હાજરી આપવાની રહેશે અને આ નીતિમાંની માહિતીઓને પૂરક એવો એક ઑનલાઇન તાલીમ કાર્યક્રમ પૂરો કરવાનો રહેશે. જો તમને પસંદ નથી કરવામાં આવ્યા, પણ તાલીમ લેવા ઇચ્છો છો, તો કૃપા કરી તમારા ફાઇનાન્સ હેડ અથવા કાનૂની વિભાગના કોઇપણ સભ્યનો સંપર્ક કરો.

## પ્રશ્નો

જો તમને આ નીતિ બાબતે કોઇ પ્રશ્નો હોય, તો કૃપા કરીને ક્યાં તો તમારા ઉપરી અધિકારી, કન્ટ્રી ફાઇનાન્સ હેડ અથવા તો કાનૂની વિભાગના કોઇ પણ સભ્યનો સંપર્ક કરો.

## <u>પરિશિષ્ટ 1 - વ્યાખ્યાઓ</u>

**લાંચ** એટલે:

- કોઇ લાભ, નાણાંકીય કે અન્ય રીતે....
- જે કોઇને વાયદો કરાય, રજૂઆત કરાય, અથવા અપાય છે....
- તેમને પ્રભાવિત કરવા માટે....
- એક કાર્ય અથવા પ્રવૃત્તિ અયોગ્ય રીતે કરવા માટે....
- તેમની આધિકારીક ક્ષમતામાં....
- ધંધો મેળવવા અથવા જાળવી રાખવાના હેતુસર....
- અથવા આમ કર્યું હોવા બદલ તેમને બદલો આપવો.

લાંચ એ પૈસા હોવા જરુરી નથી. જે કંઇ પણ પ્રાપ્તકર્તા માટે એક લાભનું નિર્માણ કરે છે તે લાંચ હોઇ શકે છે - ઉદાહરણ તરીકે, વૈભવી મનોરંજન, એક ગ્રાહકના દીકરા અથવા દીકરીને કામ આપવું, એક સરકારી અધિકારીના માનીતા સખાવતમાં દાન આપવું. <u>લાભનું હસ્તાંતરિત થવું જરુરી નથી - પેશકશ કરવી કે વાયદો કરવો પૂરતો છે.</u>

**જાહેર અધિકારી / સરકારી કર્મચારી** એટલે એવી વ્યક્તિ જે:

- કોઇ પણ પ્રકારનો વૈધાનિક, વહીવટી કે ન્યાયિક હોદ્દો ધરાવે છે, નિયુક્તિ થકી કે પછી ચૂંટાઇને, અથવા
- કોઇ દેશ અથવા સરકાર (અથવા આવા કોઇ દેશ કે પ્રદેશના કોઇ પેટાવિભાગ) માટે અથવા તેના વતી એક જાહેર કાર્યની કામગીરી સીધી રીતે કરતાં હોય અથવા પરોક્ષ રીતે તે દેશ અથવા પ્રદેશ (અથવા પેટાવિભાગ)ની કોઇ જાહેર પેઢી અથવા જાહેર નિગમ થકી કરે, અથવા
- જાહેર આંતરરાષ્ટ્રીય સંસ્થાનો કોઇ અધિકારી અથવા એજન્ટ હોય. (ઉદાહરણ તરીકે સંયુક્ત રાષ્ટ્ર), અથવા
- એક સરકાર હસ્તકના ધંધાનો કર્મચારી (ઉદાહરણ તરીકે સરકારી ઉપક્રમનો એક કર્મચારી), અથવા
- કોઇ રાજનૈતિક પક્ષ, રાજનૈતિક પક્ષનો અધિકારી, અને રાજનૈતિક કચેરીનો કોઇ ઉમેદવાર; અથવા
- કોઇ જાહેર અધિકારીનો સંબંધી.

**ત્રીજો પક્ષ**: એક ત્રીજા પક્ષને, એવી વ્યક્તિ, વ્યક્તિઓ અથવા સંસ્થા જે VESUVIUS માટે અથવા VESUVIUS ના વતી સેવાઓ બજાવતા હોય તેવા તરીકે વ્યાખ્યાયિત કરવામાં આવે છે. તેમાં સેલ્સ એજન્ટો, વિતરકો, સલાહ આપનાર તજ્જ્ઞ/સલાહકારો અને અન્ય વચેટો, કોન્ટ્રાક્ટરો અને પેટા-કોન્ટ્રાક્ટરો નો સમાવેશ થાય છે (અને સરકાર અને જાહેર સંસ્થાઓનો સમાવેશ પણ થઈ શકે છે).

સુગમતા ચૂકવણીઓ એક સરકારી અધિકારી અથવા સંસ્થા દ્વારા નિયમિત પણે કરવાના કામોને (ઉદાહરણ તરીકે પરવાનાઓ અથવા મંજૂરીઓ આપવી, માલને કસ્ટમ્સમાંથી પસાર કરવો) સુનિશ્ચિત

કરવા અથવા જલ્દીથી કરાવવા માટે કરવામાં આવતી ચૂકવણીઓ છે. તે 'ગ્રીસ' અથવા 'સ્પીડ' ચૂકવણી તરીકે પણ ઓળખાય છે.

**બાહ્ય હિતો:** **VESUVIUS** કંપનીના એક કર્મચારી અથવા અધિકારી **(અથવા નજીકના પરિવારના સભ્ય અથવા ધંધાકીય સંલગ્ન સભ્ય)ના વ્યક્તિગત, ખાનગી, ધંધાકીય, સખાવત અથવા રાજનૈતિક હિત, જે તેઓ તેમની VESUVIUS** માટેની જવાબદારીથી બહાર ધરાવે છે. **ઉદાહરણ તરીકે**:

- કોઇ ધંધા અથવા કંપનીની માલિકી/ તેમાં નિર્દેશક હોવું
- કોઇ ચોક્કસ સખાવત, રાજનૈતિક સમુદાય અથવા ધંધાકીય મંડળ માટે/ તેની મદદમાં કામ કરવું
- કોઇ સરકારી અધિકારી સાથે સંબંધિત હોવું અથવા જોડાણ હોવું.